| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૮/૧૧/૨૦૨૪ | | |
| રજીસ્ટર તારીખ | ૧૮/૧૧/૨૦૨૪ | | |
| નિકાલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૪ | ૨૦ |

**રાજકોટના મહે. સ્પે. જજ (પોકસો કોર્ટ) તથા બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.**

**સ્પે. કેસ ( પોક્સો કોર્ટ ) નંબરઃ ૧૪૪/૨૦૨૪.**

**આંકઃ ૪૧**

**ફરિયાદી.**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**આરોપી.**

**સાહિલ હુશેનભાઇ સિંઝત,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ રીક્ષા ડ્રાઈવીંગ,
રહે. નશીમ મસ્જીદ વાળી શેરી,
અનવરભાઇ માણકીયા (ઘાંચી) ના મકાનમાં ભાડેથી,
ભવાની ચોક, મુકામઃ રાજકોટ.

**બાબત:** **બી.એન.એસ. એક્ટ-૨૦૨૩ ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨.**

**વકિલશ્રીઓ::**
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી એમ. જી. પીપળીયા..
બચાવપક્ષ તરફે વિદ્વાન એલએડીસી વકિલ શ્રી આર. બી. મકવાણા.

**ફોર્મ-બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૮/૦૮/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૯/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૧૧/૨૦૨૪ |

| | |
|---|---|
| **ચાર્જ ફરમાવ્યાની તારીખ** | **૨૮/૦૧/૨૦૨૬** |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | **૦૬/૦૨/૨૦૨૬** |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **૨૩/૦૩/૨૦૨૬** |
| **ચુકાદો આપ્યા તારીખ** | **૦૭/૦૪/૨૦૨૬** |
| **સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો** | **––** |

## <u>આરોપીની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **સાહિલ હુશેનભાઇ સિંઝત.** | **૧૨/૦૯/૨૦૨૪** | **૧૭/૧૦/૨૦૨૪** | **બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ ૧૨.** | **નિર્દોષ** | – | – |

## –// <u>ચુ કા દો</u> //–

**૧.** અત્રે એ નોંધવુ પડે કે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૦૧૯(૧) એસીઆર પેજ નંબરઃ ૬૬૩, નિપૂન સકસેના અને બીજાઓ વિરૂદ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી તેમજ પોક્સો એકટની જોગવાઈઓ ધ્યાને લેતા ભોગબનનારની ઓળખ (પબ્લીક એટ લાર્જ) છતી ન થાય તેની પુરતી કાળજી રાખવાના હેતુથી સદર ચુકાદામાં ભોગબનનારના નામનો તથા તેમના માતા–પિતાના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને ભોગબનનારને નામની જગ્યાએ ભોગબનનાર તરીકે તથા તેમના માતા–પિતાને

ભોગબનનારના માતા–પિતા તરીકે સંબોધવામાં આવેલ છે.

૨. આ કામના આરોપી પોકસો કેસ નંબરઃ ૧૪૪/૨૦૨૪ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, તેઓની વિરૂદ્ધ બી.એન.એસ. એક્ટ–૨૦૨૩, ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુન્હા સબબ આંક–૧૯ થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા તેમનું આંક–૨૦ થી નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામાં મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી આરોપી સામે તહોમતનામા મુજબ ના ગુન્હા સબબ ની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

<u>**ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત**</u>.

3. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીની ભોગબનનાર દિકરી બનાવ સમયે ૧૭ વર્ષ ૦૨ માસની સગીર વયની હોવાનું જાણવા છતા તેણીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, તારીખઃ ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૮–૦૦ વાગ્યાના અરસામાં ગાંધીગ્રામ મેઈન રોડ, અંજલી પાર્ક શેરી નંબરઃ ૩ ની સામે રાજકોટ મુકામેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ/અપનયન કરી ભગાડી લઈ જઈ ભોગબનનારને બથમાં લઈ તેણીના શરીરે અડપલા કરી જાતિય સતામણી કરી તેમ કરી આરોપીએ ગુન્હો કરેલ હોય, આ બાબતની ફરિયાદીએ રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા ફરિયાદ કરતા પોલીસે તે ફરિયાદ રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબરઃ ૧૧૨૦૮૦૩૫૨૪૦૬૬૬/૨૦૨૪,

બી.એન.એસ. એક્ટ–૨૦૨૩ ની કલમ ૧૩૭(૨) મુજબનો ગુનો નોંધી, ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાય આવતા, બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની સ્પે. (પોક્સો) કોર્ટમા ઈન્સાફી નિકાલ સારુ રજુ કરવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **મૌખિક પુરાવો.**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી – ભોગબનનારના માતા. | ૨૩ |
| ૦૨ | સાહેદ જાકીરભાઇ હારુનભાઇ આમરોણીયા. | ૨૬ |
| ૦૩ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. આદિત્ય પિયુષકુમાર દવે. | ૨૮ |
| ૦૪ | ભોગબનનાર. | ૩૩ |
| ૦૫ | ત.ક.અ. ખોડુભાઇ જીલુભાઇ કરપડા. | ૩૬ |

(બી) **દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ. | ૨૪ |
| ૦૨ | ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. | ૨૫ |
| ૦૩ | ભોગબનનારની મેડીકલ તપાસણી અંગેની યાદી. | ૨૯ |
| ૦૪ | ભોગબનનારનો સોનોગ્રાફી રિપોર્ટ. | ૩૦ |
| ૦૫ | ભોગબનનારની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ. | ૩૧ |
| ૦૬ | ભોગબનનારનુ બીએનએસએસની કલમ ૧૮૩ નુ નિવેદન | ૩૪ |
| ૦૭ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો પત્ર. | ૩૭ |

૫. આ કામે વિ.એ.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીનું બીએનએસએસની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં કાંઇ કહેવુ નથી તેમ જણાવેલ છે.

૬. આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા પહેલા બંને પક્ષના વિ.વ.શ્રીઓ ધ્વારા કરવામાં આવેલી સમગ્ર રજૂઆતો ધ્યાને લેવામાં આવેલ છે. ફરિયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની દિકરીનુ બદઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભગાડી લઈ જઈ અપહરણ કરી ભોગબનનાર સાથે જાતિય સતામણી કરી, જાતિય અડપલા કરી આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. આ કામે ડોકટર સાહેદોના પુરાવાથી તેમજ તપાસ કરનાર અમલદાર તથા અન્ય પુરાવાની હકીકતોથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું હોઈ, આરોપી વિરૂદ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

૭. જયારે બચાવપક્ષ તરફે વિ. વ. શ્રી દ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. મહત્વના સાહેદ ભોગબનનારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આરોપીની ખોટી રીતે સંડોવણી કરેલ છે. ફરિયાદીએ પણ સમર્થન કરેલ નથી. ભોગબનનાર સાથે આરોપીએ જાતિય અડપલા કરી જાતિય સતામણી કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી. આ તમામ સંજોગો, કારણો

ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૮. સદર કામે બન્ને પક્ષની રજૂઆતો, કેસની હકીકતો અને અત્રે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) **શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે બનાવ સમયે ભોગબનનાર સગીર વયની હતી ?**

૨) **શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતા તેણીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, તારીખઃ ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૮–૦૦ વાગ્યાના અરસામાં ગાંધીગ્રામ મેઈન રોડ, અંજલી પાર્ક શેરી નંબરઃ ૩ ની સામે રાજકોટ મુકામેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ/અપનયન કરી ભગાડી લઈ જઈ ભોગબનનારને બથમાં લઈ તેણીના શરીરે અડપલા કરી જાતિય સતામણી કરી બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?**

૩) **શું હુકમ ?**

૯. ઉપરોક્ત મુદાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

૧) **નકારાત્મક,**

**૨) નકારાત્મક,**

**૩) આખરી હુકમ મુજબ.**

-// **<u>કા ર ણો</u>** //-

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**:-

**૧૦.** ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ. (૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો છે કે, જે સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય, દુર હોય માનવાલાયક ન હોય તો, પુર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

**૧૧.** ભોગ બનનારના માતા-પિતા, ભાઈ-બહેન અગર તો નજીકનાં સગા કે હિતેચ્છુ કે મિત્ર હોય, તેટલા જ કારણોસર પુરાવો અવગણવો ન જોઈએ પરંતુ, અદાલતે સતર્કતા દાખવી મુલ્યાંકન કરવું જોઈએ. નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો તેમજ જાહેર સેવક તેમની ફરજની રુએ જે કાર્ય બજાવતા હોય તે પુરાવો તેમજ નિષ્ણાંત અભિપ્રાય અને મંતવ્ય સિધ્ધ પુરાવો અદાલતે સામાન્ય રીતે સ્વીકારવો જોઈએ. ઉપરોકત કાનુની પ્રસ્થાપિત સર્વો સામાન્ય સિધ્ધાંતો અનુલક્ષીને અદાલતે

રજુ મૌખિક પુરાવો જે સાહેદો અદાલત સમક્ષ પ્રસ્તુત કરતા હોય ત્યારે પુરાવાના મુલ્યાંકન સમયે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમય ગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદોની માનસિક–શારિરીક, બૌધ્ધિક સમજતા, ક્ષમતા જેવા પરિબળો લક્ષમાં લેવાના રહે છે.

**૧૨.** ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા, વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતા અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન માને, તેવા ભયના કારણસર, લાગણીના કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તેજ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 =2H20" અદાલત સમક્ષના પુરાવામાં શકય નથી. પુરાવાના મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

**૧૩.** ૨૦૦૭, જી.એલ.આર. પાના નંબરઃ ૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મુલ્યાંકન અંગેના સિદ્ધાંત જોતા, બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાપક્ષનો કેસ હોઈ શકે નહી. અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઈ સિદ્ધાંત પ્રત્યેની અંધશ્રદ્ધા નથી.

**<u>મુદ્દા નંબરઃ ૧ ની ચર્ચા</u>**.

**૧૪.** આ કામે સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૫ થી ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ રજુ રાખેલ છે** અને તેમાં ભોગ બનનારની જન્મ તારીખઃ ૧૮/૦૬/૨૦૦૭ જણાવેલ છે. આ કામે આંક–૨૪ થી ફરીયાદ રજુ થયેલ છે જે ફરીયાદ હકીકત મુજબનો બનાવ તારીખઃ ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ બનેલાનું ફરીયાદીએ જણાવેલ છે. આ કામે આંક–૧ નું ચાર્જશીટ ભોગ બનનારની ૧૭ વર્ષ, ૦૨ માસની ઉંમર સાથેનું થયેલ છે, જેથી તેની સાથે પડેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી બની જાય છે. આ કામે આંક–૨૫ થી ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ રાખવામાં આવેલ છે, પરંતુ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સદરહુ ભોગબનનારના જન્મનો આધાર એટલે કે ભોગબનનારના શાળા છોડયાનુ પ્રમાણપત્ર ઈશ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીને તપાસવામાં આવેલ નથી કે તેમનુ કોઈ નિવેદન તપાસ કરનાર અધિકારી દ્વારા લેવામાં આવેલ નથી.

દસ્તાવેજને આંક પાડી દેવાથી તેના કન્ટેન્સ પુરવાર થઈ જતા નથી.

નામ. સુપ્રિમકોર્ટ દ્વારા Civil Appeal No.1889 Of 2020 (Arising out of Special Leave Petition (C) No.17437 of 2017) JAGMALSINH & ANR..V/s KARAMJIT SINGH & ORS..ના ચુકાદાના પેરા–૧૭ માં ઠરાવેલ છે કે...

"Para-17. Needless to observed that merely the admission in evidence and making exhibit of a document does not prove it automatically unless the same has been proved in accordance with the law."

**૧૪.૧.** વધુમાં ફરિયાદીએ તેમના કોર્ટ સમક્ષના આંક ૨૩ ના સોગંદ ઉપરના પુરાવામાં સરતપાસમાં જણાવેલ છે કે ભોગબનનાર સાથે કોઇ બનાવ બનેલ નથી અને આરોપી સાહીલ હુશેનભાઇ સીંઝત ભોગબનનારને લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે તેમના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીએ ભોગબનનારને બાથમાં લઈ શરીરે અડપલા કરી જાતિય સતામણી કરેલ હોય તેવુ કંઈ બનેલ નથી. વધુમાં ભોગબનનારને આ કામે આંક ૩૩ થી સોગંદ ઉપર તપાસ્યા છે અને તેણીએ જણાવેલ છે કે તેણીની સાથે કોઈ બનાવ બનેલ નથી અને આરોપી સાહિલ હુશેનભાઇ સિંઝત તેણીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે તેણીનુ અપહરણ કરીને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનારે સ્પષ્ટ જણાવેલ છે કે તેણીને તેણીની જન્મ તારીખની ખબર નથી. આમ, ફરિયાદી તેમજ ભોગબનનારનો મૌખિક પુરાવો વંચાણે લેતા ભોગબનનારને તેની જન્મ તારીખની ખબર નથી તેમજ ભોગબનનારે સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી તેણીને લલચાવી, ફોસલાવી, લગ્ન

કરવાની લાલચ આપી, અપહરણ કરી લઈ ગયેલ હોય અને તેણી સાથે આરોપીએ શારિરીક અડપલા કરેલ હોય તેવુ બનેલ નથી.

**૧૪.૨** વધુમાં આ કામે રજુ આંક ૨૫ નુ ભોગબનનારનુ શાળા છોડયાનુ સર્ટિફિકેટ ઈશ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીને તપાસવામાં આવેલ નથી અને તપાસ દરમ્યાન ભોગબનનારની જન્મ તારીખ સદરહુ સર્ટિફિકેટમાં કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તે બાબતે સ્કુલમાં જઈ લાગતા વળગતા કર્મચારીના નિવેદનો નોંધવામાં આવેલ હોવાનુ કે તે બાબતેની ખરાઈ કરેલ હોવાનુ તપાસ કરનાર અધિકારીના પુરાવામાંથી જણાય આવતુ નથી. આ સંજોગોમાં કોઈપણ દસ્તાવેજ રજુ કરી દેવા માત્રથી તેમાં રહેલ કન્ટેનશન પુરવાર થઇ જતા નથી. વધુમાં આ કામે ભોગબનનારની ઉંમર બાબતે કોઈ મેડીકલ ટેસ્ટ પણ કરાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા **State Of Gujarat v/s Lalji Chhaganaji Thakor, CRIMINAL APPEAL NO. 902 of 1996** ના તા. ૨૧/૦૯/૨૦૨૩ ના ન્યાય નિર્ણયના પારા નંબરઃ ૩૪ અને ૩૫ માં કરવામાં આવેલા અવલોકનો વંચાણે તથા ધ્યાને લેવા જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

“34. We may further notice that even with reference to Section 35 of the Indian Evidence Act, a public document has to be tested by applying the same standard in civil as well as criminal proceedings. In this context, it would be appropriate to notice the observations made by this Court in the case of Ravinder Singh Gorkhi

Vs. State of U.P., (2006) 5 SCC 584 held as follows:-

"The age of a person as recorded in the school register or otherwise may be used for various purposes, namely, for obtaining admission; for obtaining an appointment; for contesting election; registration of marriage; obtaining a separate unit under the ceiling laws; and even for the purpose of litigating before a civil forum e.g. necessity of being represented in a court of law by a guardian or where a suit is filed on the ground that the plaintiff being a minor he was not appropriately represented therein or any transaction made on his behalf was void as he was a minor. **A court of law for the purpose of determining the age of a party to the lis, having regard to the provisions of Section 35 of the Evidence Act will have to apply the same standard**. No different standard can be applied in case of an accused as in a case of abduction or rape, or similar offence where the victim or the prosecutrix although might have consented with the accused, if on the basis of the entries made in the register maintained by the school, a judgment of conviction is recorded, the accused would be deprived of his

constitutional right under Article 21 of the Constitution, as in that case the accused may unjustly be convicted."

35. The conspectus of the legal precedents as mentioned herein above is as under:–

**The school leaving certificate issued by the statutory authority which is running a government school or by local body is admissible under Section** 35 **of the Evidence Act**. **However, the admissibility of such a document would be of not much evidentiary value to prove the age of the girl in the absence of the further corroborative evidence**. **The person who made the entry and who gave the date of birth is required to be examined**. Such person who is supporting the date of birth recorded in the school leaving certificate has to disclose the source of date of birth. As per the provisions of Bombay Primary Education Rules and more particularly, rule 130 thereof, reveals that every child seeking admission for the first time into an approved school is required to produce a certificate of age signed by its parents. In the case of illiterate parents, the

certificates are required to bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. It is the date of birth given in this certificate which is required to be entered in the school (General) Register. Thus, at the time when the child seeks admission for the first time into an approved school, the birth date is required to be entered on the basis of a certificate of age signed by its parents. This is necessary because under the Bombay Primary Education Act and the Rules made there under it is compulsory for the guardian to state the exact date of birth at the time of getting the child admitted and at that time not only produce the evidence as to how a particular date has been given to the school authorities but a statement is also filed in the school under the Act and the Rules. **The investigating officer is required to collect the evidence as who got the date of birth recorded in the school, and has to collect the record available from the local body which recorded the date of birth under Registration of Births and Deaths Act,** 1969.

ઉપરોકત ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરવામા આવ્યુ છે કે,

ઉંમરની હકીકતો સાબીત કરવા માટે જન્મ તારીખની નોંધ કરનાર અને જેણે જન્મ તારીખ આપી હોય તેવા વ્યકિતની તપાસણી જરુરી છે તેમજ તપાસ કરનાર અધીકારીએ તપાસ દરમ્યાન જન્મ તારીખને લગતુ સાહિત્ય પુરાવા તરીકે એકત્ર કરવુ જરુરી છે. જો આ પરીબળો સંતોષાતા હોય ત્યારે શાળાનો દાખલો ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩૫ હેઠળ ગ્રાહય બને છે. હાથ પરનાં કેસમાં ફરીયાદપક્ષ દવારા માત્ર ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ રાખવામાં આવેલ છે પરંતુ સદરહુ સર્ટિફિકેટ ઇશ્યુ કરનાર સક્ષમ સત્તાઅધિકારીને તપાસવામાં આવેલ નથી તેમજ સદરહુ સર્ટિફિકેટમાં ભોગબનનારની જન્મ તારીખ કોણે આપી હતી અને તે કયા આધાર પર દાખલ કરવામાં આવી હતી તેની કોઈ નોંધ નથી. વધુમાં જન્મ અને મરણ નોંધણી અધિનીયમ હેઠળની જન્મની નોંધણી અંગેનો કોઈ દસ્તાવેજ ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર શા માટે રજુ રાખવામાં આવ્યો નથી તેની કોઇ ઉચિત સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં જણાવવામાં આવેલા મહત્વના પરીબળો પ્રસ્તુત કેસમાં સંતોષાતા નથી, ત્યારે આંક–૨૫ થી રજુ રાખવામાં આવેલ ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ એ ભોગબનનારની ઉમરનો નિર્ણય કરવા માટેના સબળ પુરાવા તરીકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ હેઠળ ગ્રાહય રાખવા પાત્ર પુરાવો બનતો નથી. એ હકીકત પણ સ્વીકૃત છે કે, તપાસ દરમ્યાન ભોગબનનારનું ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈપણ તબીબી વય નિર્ધારણ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું નથી. સમગ્રપણે, ઉપરોકત ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૫ થી રજુ કરવામાં આવેલ ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની

ઝેરોક્ષ નકલ ગ્રાહય રાખવા પાત્ર પુરાવો ન હોઈ માટે તે કોઈ પુરાવાત્મક મૂલ્ય ધરાવતો નથી જેથી તેવો એકમાત્ર પુરાવો ભોગબનનારની ઉમરના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય નહિ.

**૧૪.૩** આમ, આ કામે ઉપરોકત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં, ભોગ બનનારની ઉમર બાબતે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવતો હોઈ, ભોગ બનનાર બનાવ સમયે **સગીર વય**ની હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે અને શંકારહીત પુરવાર કરી શકેલ ન હોય, હું **મુદ્દા નંબરઃ ૧ નકારમાં** નિર્ણીત કરુ છું.

**<u>મુદ્દા નંબરઃ ૨.</u>**

**<u>ફરીયાદી તથા ભોગબનનારનો મૌખિક પુરાવો.</u>**

**૧૫.** આ કામે **ફરિયાદી–ભોગબનનારના માતાને સાહેદ નંબરઃ ૧ આંક ૨૩** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દિકરી થાય છે અને તેણીની સાથે કોઈ બનાવ બનેલ નથી તેમજ આરોપી સાહીલ હુશેનભાઈ સીંજત ભોગબનનાર દિકરીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે તેઓના વાલીપણામાથી અપહરણ કરીને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનારના માતા ફરિયાદીએ જણાવેલ છે કે આરોપીએ ભોગબનનાર દિકરીને બાથમા લઈ શરીરે અડપલા કરી જાતીય સતામણી કરેલ હોય તેવુ કંઈ બનેલ નથી. ભોગબનનારે બનાવ બાબતની કોઈ હકીકત તેણીને જણાવેલ નથી અને

ભોગબનનાર ઘરે જોવામા ન આવતા તેણી પોલીસ સ્ટેશન ગયેલી બીજુ તેણી કંઇ જાણતી નથી અને તેણી કોઇ આરોપીને જોયે ઓળખતી નથી. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે ભોગબનનારની જન્મતારીખની તેણીને ખબર નથી. ફરિયાદીના પુરાવા દરમ્યાન આંક ૨૪ થી ફરિયાદ તથા આંક ૨૫ થી ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ રજુ થયેલ છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, ભોગબનનારની મેડિકલ ચકાસણી કરાવેલી અને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે લઇ ગયેલા અને બીજુ તેણી કંઇ જાણતી નથી.

**૧૫.૧** આમ ભોગબનનારના માતા ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાંથી પણ કોઇ ફળદાયી હકીકતો બહાર આવવા પામેલ નથી.

**૧૫.૨.** વધુમાં બચાવપક્ષના વિ. એલએડીસી વકીલશ્રીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે તેમાં ફરિયાદીએ સ્પષ્ટ સ્વીકારેલ છે કે...

“એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર ફરીયાદમાં સહી કરવાનુ કહેતા મે ફકત મારા અંગુઠાનુ નિશાન કરેલ. પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ આ સીવાય અન્ય કોઇ હકીકત મે પોલીસને લખાવેલ હોય એવુ બનેલ નથી.”

"ભોગબનનાર મળી આવ્યા બાદ તેણીને પુછતા તેણીને ઘરકામ

બાબતે ઠપકો આપતા માઠુ લાગી આવતા તેણી કોઇને કહ્યા વગર એકલી ઘરેથી જતી રહેલ હતી."

**"એ વાત ખરી છે કે ભોગ બનનારે તેની સાથે આરોપીએ કોઈ ખરાબ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી."**

**"એ વાત ખરી છે કે આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપીને લઇ ગયેલ હોય અને તેણીને કોઇ અડપલા કરેલ હોય તેવુ બનેલ નથી."**

"એ વાત ખરી છે કે, હું આજરોજ કોઈની ધાક ધમકી કે દબાણ વિના મારી સ્વેચ્છાએ મારી મરજીથી જુબાની આપુ છુ."

**૧૫.૩** આમ, ફરિયાદીની સરતપાસ અને ઉલટતપાસ વંચાણે લેતા ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેથી ફરિયાદપક્ષ તરફે ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેથી આ કામના આરોપી ભોગબનનારને બનાવના દિવસે, સમયે અને સ્થળે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ હોય અને તેણી સાથે શારિરીક અડપલા કરી તેણીની જાતિય સતામણી કરેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદીની મૌખિક જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬.** આ કામે ફરિયાદપક્ષ તરફએ **સાહેદ નંબરઃ ૪ આંક ૩૩ થી**

**ભોગબનનાર**ને તપાસવામાં આવેલ છે અને તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેણીની સાથે કોઇ બનાવ બનેલ નથી અને આરોપી સાહીલ હુશેનભાઇ સીંજત તેણીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઇરાદે તેણીનુ અપહરણ કરીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીએ તેણીને બાથમા લઇ શરીરે અડપલા કરી જાતીય સતામણી કરેલ હોય તેવુ કંઇ બનેલ નથી અને તેણીએ બનાવ બાબતની કોઇ હકીકત પોતાના માતા કે પરીવારના સભ્યોને જણાવેલ નથી તેમજ તેણીના માતા પોલીસ સ્ટેશન ગયેલા પરંતુ શા કારણે ગયેલા તેની તેણીને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેણીને ઘરકામ બાબતે માઠુ લાગતા તેણી કોઇને કીધા વગર એકલી પોતાના સગાને ત્યાં બહારગામ જતી રહેલ હતી. વધુમાં ભોગબનનારે જણાવેલ છે કે તેણી આરોપીને જોયે ઓળખતી નથી અને તેણીને પોતાની જન્મતારીખની ખબર નથી. વધુમાં ભોગબનનારે જણાવેલ છે કે પોલીસે તેણીની મેડિકલ ચકાસણી કરાવેલી અને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે લઇ ગયેલા અને બીજુ તેણી કંઇ જાણતી નથી. વધુમાં ભોગબનનારના પુરાવા દરમ્યાન આંક ૩૪ થી તેણીનુ બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ નુ નિવેદન રજુ થયેલ છે.

**૧૬.૧** આમ ભોગબનનાર ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વિદ્વાન

એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરિયાદ હકીકત કે બનાવને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ભોગબનનારની જુબાનથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬.૨.** આ સાહેદની બચાવ પક્ષના વિ. એલએડીસી વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમાં એ હકીકત જણાવેલ છે કે...

“પોલીસે ફકત તેણીનુ નામ સરનામુ પુછેલુ આ સીવાય અન્ય કોઇ હકીકત તેણીએ પોલીસને લખાવેલ હોય એવુ બનેલ નથી.”

**“એ વાત ખરી છે કે, મને ઘરકામ બાબતે ઠપકો આપતા માઠુ લાગી આવતા હું કોઇને કહ્યા વગર એકલી ઘરેથી જતી રહેલ હતી.”**

**"એ વાત ખરી છે કે, મારી સાથે આરોપીએ કોઇ ખરાબ કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી.”**

**"એ વાત ખરી છે કે, આરોપી મને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપીને લઇ ગયેલ હોય અને મારી સાથે કોઇ અડપલા કરેલ હોય તેવુ બનેલ નથી.”**

"એ વાત ખરી છે કે, હું આજરોજ કોઇની ધાક ધમકી કે દબાણ વિના મારી સ્વેચ્છાએ મારી મરજીથી જુબાની આપુ છુ.”

**૧૬.૩** આમ ઉપરોકત નોંધવામાં આવેલ ભોગબનનારની સમગ્ર જુબાની વંચાણે લેતા, ભોગબનનારે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી, ભોગબનનારનુ આરોપી અપરહરણ કરીને લઈ ગયેલ હોય કે ભોગબનનાર સાથે આરોપીએ શારીરિક અડપલા કરી,

ભોગબનનારની જાતિય સતામણી કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં આ કામના આરોપીએ ભોગબનનારનુ તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી અપહરણ કરી લઈ જઈ ભોગબનનાર સાથે જાતિય અડપલા કરેલ હોય તેવી કોઈ જ હકીકત અંગેનો પુરાવો ભોગબનનારની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં સદરહુ મહત્વના સાહેદ ભોગબનનારના પુરાવાની હકીકતોથી આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૭. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૬ થી ભોગબનનારના બનેવી**ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ જણાવેલ છે કે ભોગબનનાર તેમની સાળી થાય છે અને ભોગબનનાર સાથે કોઇ બનાવ બનેલ નથી અને આરોપી સાહીલે હુશેનભાઇ સીંઝત ભોગબનનારને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે લઈ ગયેલ હોય કે ભોગબનનારને આરોપીએ બાથમા લઈ ભોગબનનારના શરીરે અડપલા કરેલ હોય તેવુ બનેલ નથી અને ભોગબનનારે તેમને કોઇ હકીકતની જાણ કરેલ નથી. સદરહુ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને બાદમાં કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી પણ કોઇ ફળદાયી હકીકતો બહાર આવવા પામેલ નથી. જ્યારે ઉપટ તપાસમાં સાહેદે સ્પષ્ટ સ્વીકારેલ છે કે, પોલીસે ફક્ત

તેમનુ નામ સરનામુ પુછેલુ આ સિવાય અન્ય કોઇ હકીકત તેઓએ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી. આમ, સદરહુ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરુપ બનતો નથી.

**<u>તબીબી પુરાવો.</u>**

૧૮. આ કામે ફરિયાદપક્ષ તરફે **આંક ૨૮ થી ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. આદિત્ય પિયુષકુમાર દવે**ને સોગંદ ઉપર તપાસ્યા છે અને તેઓએ જણાવેલ છે કે તારીખઃ ૧૨/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ મેડિકલ ઓફીસર તરીકે પીડીયુ જનાના હોસ્પીટલ રાજકોટમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરની લેખીત યાદી સાથે ભોગબનનારને મેડીકલ તપાસણી કરવા માટે તેમના સમક્ષ તેણીના મોટાબેન સાથે લાવેલા, જે અસલ યાદી આંક ૨૯ થી રજુ થયેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે યાદીના આધારે તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસણી તેણીની તથા તેણીના મોટાબેનની સંમતી મેળવી કરેલી. જેમાં ભોગબનનારના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર ઉંમર પ્રમાણે વિકસીત હતા, તેણીના યોનીપટલ જુનુ તુટેલુ હતુ, તેના ઉપર ઈજાના નીશાન જોવામાં આવેલ ન હતા અને તેણીએ તેમના સમક્ષ બનાવ અંગેની હીસ્ટ્રી લખાવેલી જે તેઓએ તેણીના જણાવ્યા મુજબ શબ્દસહ એમ.એલ.સી. કેસ પેપર્સમા લખી લીધેલ. વધુમાં સાહેદે જણાવેલ છે

કે તેઓએ મેડીકલ તપાસણી દરમ્યાન ભોગબનનારના જરુર મુજબના નમુના લઈ શીલપેક કરી તપાસણી અર્થે મોકલેલા અને તેઓએ કરેલી તપાસણીના આધારે તેઓ કહી શકે કે ભોગબનનાર સાથે જાતીય સતામણીની શકયતા નકારી શકાય નહી તેમજ ભોગબનનારનો પ્રેગનન્સી ટેસ્ટ નેગેટીવ હતો. જે અંગેનો સોનોગ્રાફીનો રીપોર્ટ પણ કરાવેલો, જે આ કામે આંક ૩૦ થી રજુ થયેલ છે તેમજ ભોગબનનારનુ મેડિકલ ચકાસણીનુ સર્ટીફીકેટ આ કામે આંક ૩૧ થી રજુ રાખવામાં આવેલ છે. સદરહુ તબીબી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે ભોગબનનારને કોઈ તાજી ઈજા જણાઈ આવેલી નહી તેમજ ભોગબનનારનુ હાયમન જુનુ તુટેલુ હતુ અને તાજેતરનુ તુટેલુ ન હતુ તેમજ હાયમન રપ્ચર થવાના શારીરીક સંબંધ સીવાયના બીજા ઘણા કારણો હોઈ શકે તેમજ પોલીસ યાદીમા ગુનાની ટુંકી વિગત લખેલી હતી. આમ, સદરહુ તબીબી સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓએ ભોગબનનારના જણાવ્યા મુજબની હિસ્ટ્રી શબ્દશઃ લખી લીધેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ખુદ ભોગબનનારે તેણીનુ આરોપીએ તેણીના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય કે તેણીની સાથે શારિરીક અડપલા કરી તેણીની જાતીય સતામણી કરેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે જેથી સદરહુ તબીબી સાહેદનો પુરાવો તેમજ તેમના પુરાવા દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતોથી

પણ આરોપીને આક્ષેપિત ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

<u>**તપાસ કરનાર અધિકારીનો પુરાવો.**</u>

**૧૯.** આ કામે ફરીયાદપક્ષે **તપાસ કરનાર અધિકારી – ખોડુભાઈ જીલુભાઈ કરપડાને આંક ૩૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરુપે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ ભોગ બનનાર ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, તપાસ કરનાર અધિકારીને કોઈ અંગત માહિતી ના હોય તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી હોવાનું જણાય આવતુ નથી. વધુમાં ત.ક.અ. એ આંક ૩૭ વાળો દસ્તાવેજો પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન રજુ કરેલ છે જે તેણે તપાસ દરમ્યાન લખેલ દસ્તાવેજ છે, તે દસ્તાવેજ તેમજ આ કામે રજુ થયેલ અન્ય તમામ દસ્તાવેજો વંચાણે લેતા તેનાથી પણ ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળતી નથી.

**૨૦.** આ કામે ફરિયાદી તથા ભોગબનનારનો સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીએ ભોગબનનારને બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયેલ હોય અને

ભોગબનનારની ઈચ્છા વિરૂધ્ધ ભોગબનનાર સાથે આરોપીએ શારિરીક અડપલા કરી, ભોગબનનારની જાતિય સતામણી કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ભોગબનનારે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી તેણીને લલચાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી તેણીને ભગાડીને લઈ ગયેલ હોય અને તેણીની સાથે તેણીની મરજી શારિરીક અડપલા કરી તેણીની જાતિય સતામણી કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ભોગબનનારના માતાનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી તેમજ તેમની સોગંદ ઉપરની જુબાનીની હકીકતો ધ્યાનમાં લેતા, ફરિયાદની હકીકત તથા બનાવની હકીકત અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે મહત્વના સાહેદ ભોગબનનાર અને ફરિયાદીના પુરાવાની હકીકતોથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને જરુરી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ભોગબનનારના બનેવીના પુરાવાની હકીકતોથી પણ ફરિયાદપક્ષને કોઈ મદદ મળતી નથી અને તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે. તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલ તબીબી પુરાવો તેમજ અન્ય સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી પણ આ કામના આરોપીએ તહોમતનામાં મુજબનો ગુનો કરેલ હોવાનુ ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આ સંજોગોમાં આરોપી ભોગબનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવીને

ભગાડીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે જાતિય અડપલા કરી તેણીની જાતિય સતામણી કરેલ હોય તેવી હકીકત અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી અને ભોગબનનાર ઘરેથી કોઈને કહ્યા વગર પોતાના સગાને ત્યાં જતા રહેલ છે ત્યારે આ કામે રેકર્ડ ઉપરની તમામ હકીકતોથી ફરિયાદીની ફરિયાદ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ નથી.

**૨૧.** આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ અપીલ નંબરઃ ૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત નીચે મુજબ છે.

*Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of the witnesses and the findings recorded by the Special Court, it appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had*

*further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are possible, the appellate court should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with*

*the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.*

**૨૨.** આમ, ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમાં મટીરીયલ વિટનેસ એટલે કે ભોગબનનાર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. વધુમાં આ કામે તપાસવામાં ભોગબનનારનાર બનેવીએ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેમને પણ ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ થયેલ નથી. આ સંજોગોમાં ભોગબનનાર જે મહત્વના સાહેદ છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

**૨૩.** વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નંબરઃ ૫૭૬૬૩ ના ચુકાદામાં

ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large*

*difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure*

*conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

**૨૪.** ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે મહત્વના સાહેદ ભોગબનનાર પોતે તથા ભોગ બનનારના

માતા/ફરિયાદીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં ઉપરોક્ત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબરઃ ૨ નો જવાબ નકરામાં આપી મુદ્દા નંબરઃ ૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -// આ ખ રી હુ ક મ //-

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧) અન્વયે, આરોપી **સાહિલ હુશેનભાઇ સિંઝત**ને, બી.એન.એસ. એક્ટ-૨૦૨૩, ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ બી.એન.એસ.એસ. કલમ ૪૮૧ મુજબ રૂ.૧૦,૦૦૦/- અંકે રુપિયા દસ હજાર પુરાના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

- કેસના સંજોગો ધ્યાને લેતા વળતર અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ, આજ તારીખઃ ૭મી, માહેઃ એપ્રિલ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૭/૦૪/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
સ્પે. જજ (પોક્સો કોર્ટ) અને
બીજા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*